સુવિચાર : કુદરતનો વાંક કાઢવો સહેલો છે... કેમ કે કુદરત ક્યાં સામો જવાબ આપી શકવાની છે - કાંતિ ભટ્ટ

તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૯ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૨૫ | ૬ ફેબ્રુઆરી, ૨૦૧૬, શનિવાર ; પોષ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

નવસારી પાસે બસ નદીમાં ખાબકતાં ૩૭ના મોત

ગમખ્વાર અકસ્માતમાં ૨૪થી વધુ ઘાયલ, અનેક ગંભીર : તાપી જિલ્લાના ઉકાઈ ગામથી ઉપડેલી એસટી બસ સુપા ગામની પાસે પૂર્ણા નદી પર આવેલ ઓવરબ્રિજથી પસાર થઇ રહી હતી ત્યારે ગમખ્વાર અકસ્માત

અમદાવાદ,તા.૫

ગુજરાતના નવસારીમાં આજે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૩૭ લોકોના કરૂણ મોત થઇ ગયા હતા અને ૨૪થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધે તેવી દહેશત પ્રવર્તી રહી છે. સુરત નજીક નવસારીમાં સુપા ગામ ખાતે આ બનાવ બન્યો હતો. પૂર્ણા નદીમાં બસ ખાબકી ગઇ હતી. બસના ડ્રાઇવરે પૂર્ણા નદીને પાર કરતી વેળા કાબૂ ગુમાવી દેતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત થયો ત્યારે બસમાં ૬૦થી પણ વધુ યાત્રીઓ હતા. આ બસમાં મુસાફરી કરી રહેલા અને મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ કરવાના પ્રયાસો કરાઈ રહ્યા છે પરંતુ હજુ સુધી તેમની ઓળખ થઇ શકી નથી. ઘાયલ થયેલા લોકોને નવસારી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા આસપાસના લોકો અને મૃતકોના સગાસંબંધીઓ પણ ઝડપથી

ઘટનાસ્થળે પહોંચવા લાગ્યા હતા. નવસારી સિવિલ હોસ્પિટલમાં ભારે અંધાધૂંધી અને અફડાતફડી જોવા મળી હતી. કારણ કે એક સાથે મોટી સંખ્યામાં લોકોને ઈજાગ્રસ્ત હાલતમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં બચાવ અને રાહત ટુકડીઓ નજીકના વિસ્તારમાંથી અને આસપાસના અન્ય શહેરોમાં પણ પહોંચી ગઈ હતી. નદીમાં પાણીના વધારે પ્રવાહના કારણે બચાવ અને રાહત કામગીરી આડે ભારે અચડણો

● અનુસંધાન પાન-૭ પર



વિશ્વકપ ટી-૨૦ માટે ટીમની જાહેરાત

ગુજરાતના ત્રણ ખેલાડીઓનો સમાવેશ : ધોની કેપ્ટન રહેશે : ઓલરાઉન્ડર પવન નેગીનો ટીમમાં : ઈજાગ્રસ્ત રહેલા મોહમ્મદ સામીનો પણ સમાવેશ થયો : યુવરાજ, હરભજન, આશિષ નહેરા, જસપ્રિત બુમરાહ, હાર્દિક પંડ્યા પર વિશ્વાસ મુકવામાં આવ્યો

નવી દિલ્હી,તા. ૫

૮મી માર્ચથી શરૂ થઈ રહેલા આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડ કપ માટે આજે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરવામાં આવી હતી. મહેન્દ્ર સિંહ ધોનીને કેપ્ટન તરીકેની જવાબદારી સોંપીને ફરી એકવાર તેનામાં વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. આની સાથે જ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં વનડે શ્રેણીમાં કંગાળ દેખાવ બાદ ધોનીની કેપ્ટનશીપ અને ટીમમાં તેના સ્થાનને લઈને ચર્ચા ચાલી રહી હતી. ભારતીય ક્રિકેટ ટીમની આજે જાહેરાત કરવામાં આવતા અટકળોનો અંત આવી ગયો છે. ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં શાનદાર દેખાવ કરનાર ગુજરાતના ઝડપી બોલર જસપ્રિત બુમરાહને ટીમમાં યથાવત રાખવામાં આવ્યો છે. યુવરાજસિંહને પણ જાળવી રાખવામાં આવ્યો છે. પીઢ સ્પીનર હરભજનસિંહ ઉપર પણ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. અનુભવી ઝડપી બોલર આશિષ નેહરાને પણ જગ્યા મળી છે. ઈજાગ્રસ્ત રહેલા મોહમ્મદ સામીની ટીમમાં વાપસી થઈ છે. શ્રીલંકાની સામે પસંદ કરવામાં આવેલા પવન નેગીનો ટીમમાં સમાવેશ કરાયો છે. હાર્દિક પંડ્યાનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ટીમનું નેતૃત્વ મહેન્દ્રસિંહ ધોની કરશે જેથી લાખો ક્રિકેટ ચાહકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. ટ્વેન્ટી કપ પહેલા ધોની નિવૃત્તિ લઈ લેશે તેવી ચર્ચા છેલ્લા ઘણા સમયથી ચાલી રહી હતી પરંતુ ક્રિકેટ ચાહકોને હવે રાહત થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં ૩૮ આઈપીએસ અધિકારીઓની બદલી

ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલની બદલી

અમદાવાદ સેક્ટર-૧ના જેસીપી મનોજ શશીધર હવે ગાંધીનગરના નવા આઈજીપી

ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં આઈપીએસ અધિકારીઓની મોટા પાયે બદલીઓના હૂકમ જારી કરવામાં આવ્યા છે. ૩૮ આઈપીએસ અધિકારીઓની બદલીના ઓર્ડર અંતર્ગત ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલની પણ બદલી થવા પામી છે. ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલને ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરોના એડી. ડાયરેક્ટર પદ પર મુકવામાં આવ્યા છે. જ્યારે અમદાવાદ સેક્ટર-૧ના જોઈન્ટ કમીશનર ઓફ પોલીસ મનોજ શશીધરને હવે ગાંધીનગર રેન્જ આઈજીપી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હસમુખ પટેલ પાસે સ્ટેટ મોનીટરીંગ સેલના આઈજીપી તરીકેનો વધારાનો હવાલો રહેશે.

ગરીબની કસ્તુરી - ગુજરાતમાં ડુંગળીનો પાક વ્યપાક પણે લેવાય છે. છેલ્લા ચાર વર્ષથી ડુંગળીનું ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના ખેડૂતો ડુંગળીના પાકને ખૂબ કાળજીપૂર્વક ઉછેરે છે... ગુજરાતી થાળીમાં ખાસ કરીને મધ્યમવર્ગીય અને સામાન્ય પરિવારોમાં ડુંગળી અનિવાર્ય હોય છે... આમ ડુંગળીનો પાક વધુ વવાતા સામાન્ય પરિવારમાં રાહતની લાગણી પ્રસરી છે....

મૃતકોના પરિવારને ચાર-ચાર લાખની સહાય જાહેર

અમદાવાદ,તા. ૫

ગુજરાતના નવસારીમાં રાજ્ય પરિવહન નિગમની બસ પૂર્ણા નદીમાં ખાબકી ગયા બાદ મોટી સંખ્યામાં લોકોના મોત થતાં ગુજરાત સરકાર પણ હચમચી ઉઠી છે. સમગ્ર રાજ્યમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. તાજેતરના વર્ષોની સૌથી મોટી બસ દુર્ઘટના સર્જાયા બાદ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે દુખ વ્યક્ત કર્યુ હતું અને તાત્કાલિક ધોરણે આર્થિક સહાયતાની જાહેરાત પણ કરી હતી. આનંદીબેને જાહેરાત કરી હતી કે, આ ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુ પામેલાઓના નજીકના સંબંધીઓને ૪-૪ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. આ અકસ્માતમાં ૩૭ લોકોના મોત છેલ્લા સમાચાર મુજબ થઇ ગયા હતા. અન્ય ૨૪ લોકો ઘાયલ થયા હતા. બસમાં ૬૦થી વધુ લોકો હોવાનું પ્રાથમિકરીતે જાણળા મળ્યું છે.

આવતીકાલે સેકટરોમાં ફોર્સથી પાણી આવશે નહી

ગાંધીનગર તા ૫

શહેરના સેકટરોમાં આવતીકાલે ફોર્સથી પાણી આપી શકાશે નહી. કોબા માર્ગ પરથી પસાર થતી નર્મદા લાઇનમાંથી આઇ આઇટી સંસ્થાને જોડાણ આપવા માટે પાઇપલાઇનનુ કામ હાથ ધરવામાં આવનાર હોવાથી સેકટરોમાં એક દિવસ પાણી પુરવઠો ફોર્સથી આપી શકાશે નહીં.

ગાંધીનગર શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવ્યા બાદ સેકટરમાં એક જ સમયે કોમન સપ્લાય આપવામાં આવે છે. જયારે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવ્યા બાદ સેકટરોમાં ફોર્સથી પાણી પણ સપ્લાય કરવામાં આવતુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેરે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે શહેરમાં આગામી તા ૭ ફેબ્રુઆરીના રોજ સેકટર ૧ થી ૩૦ માં ફોર્સથી પાણી આવશે નહી. આગામી શનિવારે કોબા માર્ગ પર મુખ્ય લાઇનમાંથી આઇ આઇ ટીમાં લાઇન જોડાણ આપવા માટેનુ કામ હાથ ધરવામાં આવનાર છે. જયારે આ દરમિયાન પાણીની લાઇન ખાલી કરવી પડશે. પાણીના લાઇનની જોડાણનુ કામ ૧૨ કલાક સુધી ચાલશે. જેના પરિણામે સેકટરોમાં તા ૭ ફેબ્રુઆરીના રોજ ફોર્સથી પાણી પુરવઠો આપી શકાશે નહી.મર્યાદિત સમય માટે ઓછા પ્રેશરથી પાણી આપવામાં આવશે. જયારે આ કામગીરીના અંતે શક્ય હશે તો દિવસ દરમિયાન પાણી સપ્લાય આપવામાં આવશે. આગામી તા ૮ ફેબ્રુઆરીથી શહેરમાં રાબેતા મુજબ પાણી સપ્લાય કરવામાં આવશે. અલબત્ત ફોર્સથી પાણી પુરવઠો ઉપલબ્ધ થશે.જેની નોંધ લેવા નગરજનોને જણાવાયુ છે.

કોબા માર્ગ પર પાણીની લાઇનના જોડાણની કામગીરી હાથ ધરાશે : જેના પરિણામે પાણીની લાઇન ખાલી કરવી પડશે

ગાંધીનગર મેડીકલ કોલેજના ૫૦ ટકા વિદ્યાર્થીઓને સ્વાવલંબન યોજનાનો લાભ

એક વિદ્યાર્થીનીને પુરી ફી તો ૫૦ વિદ્યાર્થીને રૂ. ૧.૬૦ લાખ સુધીની સહાય મળી વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી છવાઈ : ફેબ્રુઆરી મહિનો કોલેજને ફળતો રહ્યો છે !!

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મેડીકલ કોલેજના ૬૦ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રૂ. ૮૭ લાખથી પણ વધુ રકમનો ફી માં લાભ મળ્યો છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે તાજેતરમાં જાહેર કરાયેલ યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને આ લાભ મળતાં કોલેજના વિદ્યાર્થીજગતમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે મેડીકલ કોલેજની વિદ્યાર્થીની શ્રદ્ધા એચ. પટેલને તો કોલેજની તમામ ફીની રકમ મળી છે તો ૫૦ જેટલા વિદ્યાર્થીઓને ૧.૬૦ હજારની આસપાસની રકમ સહાય પેટે પ્રાપ્ત થઈ છે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૧૫૦ બેઠકોની ક્ષમતા છે. જેમાં ૨૫ બેઠકો એન.આર.આઈ. ક્વોટાની છે. આમ ૧૫૦ પૈકી ૬૦ જેટલા બાળકોને પ્રથમવાર તાજેતરમાં જાહેર કરાયેલ આ યોજનાનો લાભ મળ્યો છે. કોલેજ કેમ્પસમાંથી મળતી વિગતો પ્રમાણે ફેબ્રુઆરી માસમાં જ આ લાભ વિદ્યાર્થીઓને મળી ગયો છે. અને ફેબ્રુઆરી મહિનો ગાંધીનગર મેડીકલ કોલેજ માટે શુકનવંતો રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

રાંધેજાની મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ

ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામની એક ૫૫ વર્ષીય મહિલાને આજે સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર શહેરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

રાંધેજા પાસેથી સ્વાઈન-ફ્લુ પોઝીટીવનો આ બીજો કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે. ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના આ કેસ સાથે ૬ કેસ આ વર્ષે નોંધાયા છે.

આજે સાંજે ખાનગી હોસ્પિટલ દ્વારા આ મહિલાને સ્વાઈન-ફ્લુ પોઝીટીવ હોવાનું જાહેર કરાતાં તંત્રએ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની સૂચનાઓ જારી કરી દીધી છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના નોધાયેલા ૬ દર્દીપૈકી ૧ દર્દીનું અવસાન થયું છે.

● અનુસંધાન પાન-૭ પર

દિલ્હી અક્ષરધામ, ગોકુળ, મથુરા, અયોધ્યા, છપૈયા, કાશી, અલ્હાબાદ, ચિત્રકૂટ
23 મે.. રૂા.7200.(9/10 દિવસ)
3x2 + રેલ્વે ટીકીટ સાથે + હોટલ
કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી,
31 માર્ચ.. રૂા.6200.(8 દિવસ)
રેલ્વે ટીકીટ સાથે + બસ + હોટલ
અયોધ્યા, છપૈયા, પોખરા, મનોકામના,
કાઠમંડુ..1 જુન.. રૂા.9500.(11/12 દિવસ)
2x2 AC બસ + હોટલ +રેલ્વે ટીકીટ સાથે
વૈષ્ણોદેવી, કાશ્મીર: 14 એપ્રિલ..રૂા.8400.
રેલ્વે ટીકીટ અલગથી (9 દિવસ)
લેહ લદાખ: 1 જુન..રૂા.20400(6N/ 7D)
એર ટીકીટ અલગથી
ભક્તિ ટુર્સ 90333 94250 98984 85949

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

બેસણું

અમારા પિતા **શ્રી રશ્મિનભાઈ ગોવિંદલાલ મહેતા**નો સ્વર્ગવાસ થયો છે.
તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના સભા
સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ હોલ, પોલીસ સ્ટેશન સામે, સેક્ટર ૭, ગાંધીનગર
તા. ૬-૨-૨૦૧૬, સાંજે ૫ થી ૬ કલાકે

કંચનબેન રશ્મિનભાઈ મહેતા

પરિમલ ભટ્ટ, દેવયાની ભટ્ટ | વૈશાલી મહેતા, નેહલ મહેતા | આદિત્ય મહેતા, મયંક મહેતા